સુવિચાર : સ્વાર્થી મનુષ્ય ભોગી હોય છે, અને ભોગપ્રધાનને લીધે એનામાં ત્યાગનું તત્ત્વ ટકી શકતું નથી - એસ. ભટ્ટાચાર્ય

તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૧૬, મંગળવાર ; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- જેએનયુ વિવાદ : વિદ્યાર્થી ફરી આંદોલનની તૈયારીમાં
- પાકિસ્તાન : આતંકવાદી કેમ્પો હજુ યથાવત જ ચાલી રહ્યા છે
- ભારતમાં કોમ્પ્યુટર માર્કેટનુ કદ વધુ ઘટે તેવી સંભાવના
- બાજારમાં તેજી : સેન્સેક્સમાં ૮૬ પોઇન્ટનો થયેલો સુધારો
- ઇશરત : લાપતા ફાઇલોની ચકાસણી માટે કમિટી બની
- એનસીપી નેતા ભુજબળની અટકાયત થવાના ભણકારા
- માથુ કાપશો તો પણ નહી બોલુ ભારત માતાની જય : ઔવેસી
- ભારતની પ્રશંસા આફ્રિકીને ભારે પડી : ચારેબાજુ ટિકા

# આજથી ટી-ટ્વેન્ટી વર્લ્ડ કપનો આરંભ




### ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે આજે નાગપુરમાં જંગ : ભારત આજે જીતની સાથે શાનદાર શરૂઆત કરવા તૈયાર : ન્યુઝીલેન્ડના હાલના ફોર્મને જોતા મેચ ખુબ રોમાંચક બનશે : ટ્વેન્ટી કપની સુપર તબક્કાની પ્રથમ મેચને લઇને કરોડો ક્રિકેટ ચાહકોમાં ભારે રોમાંચકતા

નાગપુર,તા. ૧૪

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે આઈસીસી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ કપમાં આવતીકાલથી મુખ્ય મેચોની અટલે કે સુપર તબક્કાની શરૂઆત થઈ રહી છે. જેને લઈને માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં ભારે ક્રિકેટ ક્રેઝ જોવા મળી રહ્યો છે. હવે આગામી દિવસોમાં એકથી એક રોમાંચક મેચોની ક્રિકેટ ચાહકો મજા માણી શકશે. છઠ્ઠા ટ્વેન્ટી કપમાં કોણ વિજેતા બનશે તેને લઈને ગણતરીનો દોર શરૃ થઈ ગયો છે.

આવતીકાલે પ્રથમ મેચમાંજ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમા ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામે રમશે. નાગપુરના વિદર્ભ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાનારી મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બન્ને ટીમો જીત સાથે ટ્વેન્ટી કપમાં શરૂઆત કરવા ઈચ્છુક છે. જો કે ભારતીય ટીમ વધારે ફેવરીટ દેખાઇ રહી છે. ટીમ ઈન્ડિયામાં ધોની ઉપરાંત, રોહિત શર્મા, વિરાટ કોહલી, સુરેશ રૈના, યુવરાજ સિંહ જેવા સ્ટાર છવાઈ જવા માટે તૈયાર છે. છેલ્લા કેટલાક દિવસોમાં બોલિંગના ક્ષેત્રમાં બુમરાહે તમામનુ ધ્યાન ખેંચ્યુ છે. તેના પર પણ નજર રહેશે. બીજી બાજુ ન્યુઝીલેન્ડ પણ તાજેતરના સમયમાં શક્તિશાળી ટીમ તરીકે ઉભરી આવી છે.

# બ્રિટનની નાગરિકતાના મામલે રાહુલને નોટીસ

### લોકસભાની એથિક્સ પેનલની નોટીસ

નવી દિલ્હી,તા. ૧૪

આવનાર દિવસોમાં એક મોટો રાજકીય વિવાદ છેડાઇ જાય તેવા સંકેત દેખાઇ રહ્યા છે. કારણ કે લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વમાં લોકસભાની એથિક્સ પેનલે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ



રાહુલ ગાંધીને બ્રિટીશ નાગરિકતાના મુદ્દા પર નોટીસ ફટકારી દીધી છે. આ સંબંધમાં રાહુલ ગાંધી પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે. કોઈ સમય પોતાને બ્રિટીશ નાગરિક તરીકે જાહેર કર્યા હતા કે કેમ તે અંગે રાહુલ ગાંધી પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે.આને લઈને જોરદાર વિવાદ થયા તેમ માનવામાં આવે છે.

# માલ્યાના મુદ્દે કેન્દ્ર સામે શિવસેના લાલઘુમ

### જ્યારે એક વેપારી વિજય માલ્યાને ભાજપ સરકાર ભારત પરત લાવી શકતી નથી તો દાઉદને ભારત કઇ રીતે લાવશે

નવી દિલ્હી,તા. ૧૪

ભારતમાંથી ફરાર થયેલા મોટા કારોબારી વિજય માલ્યાના મુદ્દે કેન્દ્ર સરકારના હળવા વલણ સામે પ્રશ્ન ઉઠાવતા શિવ સેનાએ આજે સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. શિવ સેનાએ કહ્યુ હતુ કે જો મોદી સરકાર વિજય માલ્યા જેવા વેપારીને ભારત પરત લાવી શકતી નથી તો ડોન દાઉદ ઈબ્રાહિમને ભારત કઈ રીતે લાવી શકશે. પાર્ટીના નેતા સંજય રાઉતે કહ્યુ છે કે લલિત મોદી અને વિજય માલ્યા જેવા લોકોને કઈ રીતે ભારત છોડવાની તક આપી શકાય છે. અમારી અનેક એજન્સી છે જે તેમને ટ્રેક કરી શકે છે. માલ્યા કેટલા શક્તિશાળી છે તે પ્રશ્ન મોટો નથી. આને વ્યવસ્થાની નબળાઈ તરીકે જોઈ શકાય છે. શિવ સેનાએ કહ્યુ છે કે આ મામલે કેન્દ્ર સરકાર નિસહાય દેખાઈ રહી છે. રાઉતે કહ્યુ હતુ કે એકબાજુ તો કેન્દ્ર સરકાર દાઉદ જેવા ડોનને ભારત પરત લાવવા માટે દાવા કરી રહી છે. જ્યારે બીજી બાજુ ભારતીય નાગરિકોને પણ વિદેશથી પરત લાવવામાં સફળતા મળી રહી નથી. આ અગાઉ વિજય માલ્યાએ દાવો કર્યો હતો કે બેંકોએ તમામ પાસા પર વિચારણા કર્યા બાદ જ તેમને લોન આપી હતી.

માલ્યાએ એમ પણ કહ્યુ હતુ કે તેઓ કાયદાથી છટકી જવાના પ્રયાસ કરી રહ્યા નથી. એક અગ્રણી અખબાર સાથેની વાતચીતમા માલ્યાએ કહ્યુ હતુ કે તેમને પહેલાથી જ અપરાધીની જેમ રજૂ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેથી આ તેમની વાપસી માટેનો યોગ્ય સમય નથી. માલ્યાએ કહ્યુ હતુ કે તેમની સામે ગયા વર્ષે નોટીસ જારી કરવામાં આવી હતી. પરંતુ તેઓ ફરાર થયા ન હતા. તેમને અપરાધીની જેમ કેમ રજૂ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.



જ્વેલર્સ આંદોલન - કેન્દ્રીય અંદાજપત્રમાં સોના પરની એકસાઈઝના મામલે છેલ્લા ૧૬ દિવસથી ચાલી રહેલું સોના-ચાંદી બજારના વેપારીઓનું આંદોલન તીવ્ર બનતું જાય છે... રાજ્યભરમાં વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમોથી સત્તાવાહકોનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે... ઘાટલોડીયા વિસ્તારના વેપારીઓ દ્વારા સોમવારે બાઈક રેલી યોજાઈ હતી...

# ગૃહમાં માર્ગ સલામતીની નવી નીતિ રજૂ

### માર્ગ અકસ્માતોને ટાળવા પર ખાસ ભાર : રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાના લીધે વિકાસ થયો છે પરંતુ માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઉછાળો નોધાયો

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભામાં સત્ર દરમ્યાન આજે વાહન વ્યવહાર પ્રધાન દ્વારા રાજયમાં માર્ગોની સ્થિતિ અને માર્ગ પર ચાલકો અને મુસાફરો માટે ચિંતા વ્યક્ત કરાઈ હતી. તેમણે માર્ગ પર અકસ્માતોને કારણે માર્ગ સલામતી પોલીસી અંતર્ગત આ અકસ્માતો ટળે અને પરિવહન કરનારાઓની સલામતી જળવાય તે માટે માર્ગ સલામતી પોલિસી રજુ કરી હતી. વિધાનસભામાં માર્ગ સલામતી પોલિસી રજુ કરતાં વાહન વ્યવહાર પ્રધાન વિજય રૂપાણીએ કહ્યું હતું કે, રાજય સરકાર માટે માર્ગ સલામતીએ ચિંતાનો વિષય છે. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાના કારણે આર્થિક ગતિવિધીઓનો વિકાસ થયો છે. પણ તેના કારણે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઉછાળો નોંધાયો છે. દરેક દેશ માર્ગ અકસ્માતની સંખ્યા ઘટાડવા માટે પ્રયત્નશીલ છે. ભારત દેશની વાત કરવામાં આવે તો દર મીનિટી એક અકસ્માત થાય છે અને દર ૪ મીનીટમાં અકસ્માતથી એક મૃત્યુ થાય છે. અકસ્માતોને કારણે જાન અને માલને થતી હાનિનું આર્થિક સરવૈયું કાઢવામાં આવે તો તે દેશના ૧થી ૩ ટકા જેટલી જી.ડી.પી. જેટલું થાય છે. આ સંજોગોમાં માર્ગ સલામતીના પડકારને પહોંચી વળવા રાજય સરકાર, કેન્દ્ર સરકાર, દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ તેમાં વેગ આવે અને માનવ જીદગીને રોડ અકસ્માતમાંથી બચાવવાનું સુનિશ્ચિત કરી શકાય તે માટે રાજય માર્ગ સલામતી નિતી અમલમાં મુકવામાં આવે તે જરૂરી છે. તેમણે વધુમાં કહ્યું કે, માર્ગ સલામતીનું કામ. ૪(ઈ) એન્ફોર્સમેન્ટ ઓફ લો, એજ્યુકેશન ઓફ રોડ સેફટી, એન્જિન્યરીંગ ઓફ રોડ તથા ઈમરજન્સી કેરની કામગીરી સાથે સકળાયેલા છે. આ ૪ વિષયો સાથે સંકળાયેલા સરકારી બિન સરકારી વિભાગો સંગઠનો, સંસ્થાઓ વચ્ચે સંકલન સધાય તે જરૂરી છે. તેમજ માર્ગ સલામતીના ક્ષેત્રે રાજય સરકારે પોતાના ઈરાદાઓ સ્પષ્ટ કરવા જરૂરી બને છે.




# સુરત નજીક માનસરોવરમાં ડુબી જતા ૩ બાળકના મોત

### મૃત્યુ પામેલા ત્રણ માસુમ બાળકોની ઓળખ : ડિંડોલી ગોડોદરા રોડ પર આવેલા માનસરોવરની ઘટના

સુરત, તા.૧૪

ડિંડોલીમાં ગોડોદરા રોડ પર આવેલા માનસરોવરમાં ડુબી જતા ત્રણ માસુમ બાળકોના મોત થયા છે. આ બનાવના કારણે ભારે સનસનાટી મચી ગઈ હતી. બચાવ અને રાહત ટુકડી પહોચે અને બાળકોને બચાવે તે પહેલા ત્રણેય બાળકોના મોત થઈ ગયા હતા. તળાવના કિનારે કપડાં અને બાળકોને ડુબતા જોઈ સ્થાનિકોએ ફાયરને જાણ કરી હતી. જેથી ફાયર અને પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. અને ત્રણેય બાળકોના મૃતદેહને બહાર કાઢ્યા હતા. તળાવમાં ૧૪થી ૧૫ વર્ષના ત્રણ બાળકો ન્હાવા માટે ગયા હતા. જોકે ત્રણેય મિત્રો પાણીમાં ડુબવા લાગ્યા હતા. તળાવના કિનારે બાળકોના કપડાં અને તેને ડુબતા જોઈ

● અનુસંધાન પાન-૭ પર

